અનુસંધાન... પાના પહેલાનું

ભયાનક 'ઓઈલ વોર'...

કર્યો છે. બીજી તરફ, એક ચોંકાવનારા અહેવાલ મુજબ ઈરાન દ્વારા અમેરિકાના અત્યાધુનિક F-35 ફાઈટર જેટ પર પણ હુમલો કરવામાં આવ્યો હોવાની શંકા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે પુષ્ટિ કરી છે કે આ જેટ ઈરાન ઉપર કોમ્બેટ મિશન પર હતું ત્યારે તેના પર પ્રહાર થયો હતો, જેના કારણે તેને મધ્ય પૂર્વમાં આવેલા યુએસ એરબેઝ પર તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. ઈરાની સૈન્ય દ્વારા ગુરુવારે એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં અમેરિકાના અત્યાધુનિક F-35 સ્ટીલ્થ ફાઈટર જેટ પર એન્ટી-એરક્રાફ્ટ આર્ટિલરી દ્વારા હુમલો થતો જોઈ શકાય છે. બ્લેક એન્ડ વ્હાઈટ વીડિયોમાં એક અમેરિકી જેટ મિસાઈલનો શિકાર બનતું દેખાય છે. જો આ સાબિત થાય, તો ઈતિહાસમાં પ્રથમવાર કોઈ દુશ્મન દેશ દ્વારા F-35 ને તોડી પાડવામાં અથવા નુકસાન પહોંચાડવામાં સફળતા મળી ગણાય.

અખાતી દેશોના અનેક ઉર્જા કેન્દ્રો પર ઈરાનના હુમલા

કતાર, સાઉદી અરેબિયા અને યુએઈ(UAE)એ ઈરાની હુમલાઓની નિંદા કરી હતી. આરબ લીગના સેક્રેટરી-જનરલ અહેમદ અબુલ ઘેતે આ હુમલાઓને ખતરનાક ઉશ્કેરણી ગણાવ્યા હતા. પરંતુ ઈરાને પીછેહઠ કરવાના કોઈ સંકેત આપ્યા નથી. સાઉદી અરેબિયાએ જણાવ્યું હતું કે રાતા સમુદ્રના બંદર શહેર યાનબુમાં આવેલી તેની SAMREF રિફાઈનરી પર હુમલો થયો હતો. સાઉદી અરેબિયાએ હોર્મુઝની સામુદ્રધુનીથી બચવા માટે લાલ સમુદ્ર તરફ પશ્ચિમ દિશામાં તેલનો મોટો જથ્થો પંપ કરવાનું શરૂ કર્યું હતું. વિશ્વ બજારો માટે કુદરતી ગેસનો મુખ્ય સ્ત્રોત એવા કતારે જણાવ્યું હતું કે, ઈરાની મિસાઈલોએ રાસ લફાન LNG સુવિધાને નિશાન બનાવતા મોટું નુકસાન થયું છે, જ્યાં અગાઉના હુમલાઓ બાદ ઉત્પાદન પહેલેથી જ બંધ કરી દેવામાં આવ્યું હતું. આ સુવિધાને થયેલું નુકસાન યુદ્ધ સમાપ્ત થયા પછી પણ બજારમાં પુરવઠો પહોંચાડવાની કતારની ક્ષમતામાં વિલંબ કરી શકે છે. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, કુવૈતમાં બે રિફાઈનરીઓ અને અબુ ધાબીમાં ગેસ કામગીરીને પણ ઈરાન દ્વારા નિશાન બનાવવામાં આવી હતી. ઈઝરાયેલમાં, દેશના મોટા ભાગોને નિશાન બનાવીને કરવામાં આવેલા અડધા ડ્રોનથી વધુ ઈરાની હુમલાઓએ લાખો લોકોને આશ્રયસ્થાનોમાં જવા મજબૂર કર્યા હતા. આ હુમલાઓને કારણે ઈમારતોને નુકસાન થયું હતું, પરંતુ કોઈ મોટી જાનહાનિના અહેવાલ નથી.

વધતો જતો મૃત્યુઆંક: ઈરાનમાં ૧૩૦૦થી વધુના મોત

યુદ્ધ દરમિયાન ઈરાનમાં 1,300 થી વધુ લોકો માર્યા ગયા છે. લેબનોન સરકારના જણાવ્યા અનુસાર, લેબનોનમાં ઈઝરાયેલના હુમલાઓમાં લેબેનોનમાં 1,000થી વધુ લોકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. ઈઝરાયેલમાં ઈરાની મિસાઈલ હુમલાઓમાં 15 લોકોના મોત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગત રાત્રે ઈરાની મિસાઈલ હુમલામાં અધિકૃત વેસ્ટ બેંકમાં પણ ચાર લોકો માર્યા ગયા હતા. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 13 યુએસ લશ્કરી સભ્યો પણ માર્યા ગયા છે.

ઈરાનનું ભવિષ્ય અમેરિકી લશ્કર નક્કી કરશે: હેગસેથ

વોશિંગ્ટનમાં સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકી સૈન્ય ઈરાનના ભાગ્ય પર નિયંત્રણ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, ઈરાન પાસે સાચી પસંદગી કરવાની ક્ષમતા છે. તેહરાને હવે પછી આરબ સાથી દેશો કે અન્ય આરબ દેશોને નિશાન બનાવીને મુશ્કેલીઓ ઉભી કરવી જોઈએ નહીં, તેવી મુશ્કેલીઓ જે તેમણે પોતે જ પોતાના માટે ઊભી કરી છે. ટ્રમ્પ પ્રશાસને યુદ્ધના વિવિધ ઉદ્દેશ્યો ટાંક્યા છે, જેમાં ઈરાનની મિસાઈલ ક્ષમતા અને તેના પરમાણુ કાર્યક્રમને નબળો પાડવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઈરાનના વરિષ્ઠ નેતાઓને ઠાર કરવા તે પણ અમેરિકા અને ઈઝરાયેલ માટે પ્રાથમિકતા રહી છે.

જહાજો પાસેથી...

ભાગનું તેલ અને લિક્વિફાઇડ ગેસ પસાર થાય છે. ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધની શરૂઆતથી તેહરાને તે જહાજો માટે દરિયાઈ પરિવહન ખોરવી નાખ્યું છે જે તેના મતે તેના વિરોધી દેશો અને તેમના સાથીઓ સાથે જોડાયેલા છે. ઈરાનિયન સ્ટુડન્ટ્સ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, સાંસદે કહ્યું હતું કે, સંસદ એક બિલ પર વિચાર કરી રહી છે જે હેઠળ શિપિંગ, એનર્જી ટ્રાન્ઝિટ અને ખાદ્ય પુરવઠા માટે આ ખાડીનો ઉપયોગ કરતા દેશોએ ઈરાનને ટોલ અને ટેક્સ ચૂકવવો પડશે.

વૈશ્વિક શેરબજારોમાં કડાકો...

નાણાકીય અને મૂડી બજારો અસ્થિર બન્યા છે અને ક્રૂડ તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે; ભવિષ્યની ગતિવિધિઓ પર ધ્યાન આપવાની જરૂર છે. તેલના ઊંચા ભાવ જાપાન માટે મોટો બોજ છે, જે દક્ષિણ કોરિયા અને તાઈવાનની જેમ ઉદ્યોગો માટેના મોટાભાગના કાચા માલની આયાત પર નિર્ભર છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી 2.7 ટકા ઘટીને 5,763.22 થયો હતો. હોંગકોંગમાં હેંગ સેંગ 2 ટકા ઘટીને 25,500.58 પર અને શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.4 ટકા ઘટીને 4,006.55 પર આવી ગયો હતો. ઓસ્ટ્રેલિયાનો S|P/ASX 200 ઈન્ડેક્સ 1.7 ટકા અને તાઈવાનનો Taiex 1.9 ટકા ઘટ્યો હતો. ભારતમાં પણ, જે તેલ અને ગેસના પુરવઠાના આંચકાથી પ્રભાવિત થયું છે, ત્યાં સેન્સેક્સમાં 2.7 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

વાવાઝોડામાં મુંદ્રા...

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ નલિયામાં લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે ઉતર્યું હતું, જ્યારે રાજકોટમાં 37 ડિગ્રી સાથે મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. આગામી 24 કલાકમાં તાપમાનમાં 2-3 ડિગ્રીનો ઘટાડો અને ત્યારબાદ ફરી 3-5 ડિગ્રીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. **ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ધૂળની આંધી** સાબરકાંઠાના હિંમતનગરમાં ભારે પવનના કારણે ધૂળની ડમરીઓ ઉડી હતી અને દુકાનોના બોર્ડ તથા મંડપો ઉડી ગયા હતા. પાટણ અને બનાસકાંઠામાં પણ મોડી રાત્રે માવઠું પડતાં વીજળી ગુલ થવાના બનાવો બન્યા હતા. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વહેલી સવારે ધૂળભર્યા પવનથી વિઝિબિલિટી ઘટી ગઈ હતી. **પાવાગઢમાં રોપ-વે સેવા બંધ, ખેતી પર સંકટ** પંચમહાલ જિલ્લાના પાવાગઢ ડુંગર પર ભારે પવન અને ધુમ્મસને કારણે સુરક્ષાના ભાગરૂપે રોપ-વે સેવા તાત્કાલિક બંધ કરવી પડી હતી, જેના કારણે યાત્રિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કમોસમી વરસાદ અને કરાને કારણે ઘઉં, જીરું, ચણા, તુવેર, એરંડા તેમજ કેરી સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને મોરબી અને કચ્છમાં મીઠાના અગરોને પણ ભારે નુકસાન થયું છે.

શેરબજારમાં 'બ્લડબાથ':...

સેન્સેક્સ 2,496.89 પોઈન્ટ અથવા 3.26 ટકા ગગડ્યો હતો. BSE લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન એક જ દિવસમાં 12,87,273.89 કરોડ ઘટીને 4,26,13,557.95 કરોડ (4.61 ટ્રિલિયન યુએસ ડોલર) થઈ ગયું છે. BSE મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં 3.34 ટકા અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં 2.77 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

કતારના ગેસ...

ઈઝરાયેલે ઈરાનના સાઉથ પારસ ગેસ ફિલ્ડ પર હુમલો કર્યો હતો જે વિશ્વનું સૌથી મોટું નેચરલ ગેસ ફિલ્ડ છે અને ઈરાનના ૭૦ ટકા ગેસનું ઉત્પાદન કરે છે. ટ્રમ્પે કહ્યું હતું કે હું આ હુમલા વિશે જાણતો નથી પણ જો ઈરાન કતાર પર હુમલા કરવાનું ચાલુ રાખશે તો તેના સમગ્ર ઓઈલ-ગેસ માળખાને નિશાન બનાવવામાં આવશે.

ઇરાને રૂ. 900 કરોડના...

મધ્ય પૂર્વમાં આવેલા યુએસ એરબેઝ પર તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. ઈરાની સૈન્ય દ્વારા ગુરુવારે એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં અમેરિકાના અત્યાધુનિક F-35 સ્ટીલ્થ ફાઈટર જેટ પર એન્ટી-એરક્રાફ્ટ આર્ટિલરી દ્વારા હુમલો થતો જોઈ શકાય છે. બ્લેક એન્ડ વ્હાઈટ વીડિયોમાં એક અમેરિકી જેટ મિસાઈલનો શિકાર બનતું દેખાય છે.

ટોચના 3 સૌથી...

સનાજોબા લેશેમ્બા (ભાજપ): 5 લાખ
પ્રકાશ ચિક બરાઈક (TMC): 9 લાખ
બે સાંસદો પાસે ૫૦ અબજ રૂ. કરતા વધુ મિલકતો, એક પાસે રૂ.૨૫ અબજ કરતા વધુ

રાજ્યસભાના 32%...

નહોતા. આ વિશ્લેષણમાં તાજેતરમાં ચૂંટાયેલા ૩૭ સભ્યોનો સમાવેશ થાય છે. વિશ્લેષણ કરાયેલા ૨૨૯ સાંસદોમાંથી, ૭૩ સાંસદો (૩૨ ટકા)એ ફોજદારી કેસો જાહેર કર્યા છે, જેમાંથી ૩૬(૧૬ ટકા) સાંસદો ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. એક સાંસદે હત્યાનો કેસ, ચારે હત્યાના પ્રયાસના કેસો અને ત્રણે મહિલાઓ સામેના ગુનાઓ સંબંધિત કેસો જાહેર કર્યા છે.

ગલ્ફના મુસ્લિમ દેશો સંગઠિત થઈને નાટો જેવું સંગઠન બનાવી શકશે ખરા?

ગલ્ફના દેશો પેટ્રોડોલરને કારણે સમૃદ્ધિમાં આળોટે છે પણ સંરક્ષણ બાબતમાં તદન પછાત છે. તાજેતરમાં ઈરાનનાં મિસાઈલો દુબઈ, અબુધાબી, બહેરીન, કુવૈત, ઓમાન વગેરે પ્રદેશો પર ત્રાટક્યાં ત્યારે તેમની આ નબળાઈ છતી થઈ ગઈ હતી. ગલ્ફમાં વધતા પ્રાદેશિક તણાવ વચ્ચે કતારના ભૂતપૂર્વ વડા પ્રધાન હમાદ બિન જાસિમ બિન જાબેર અલ થાનીનું એક સૂચન સમાચારમાં છે. હવે ફરી એક વાર આરબ-ઇસ્લામિક રાજકીય અને લશ્કરી જોડાણ અંગે ચર્ચા જોર પકડી રહી છે. હમાદ બિન જાસિમ બિન જાબેર અલ થાનીએ ગલ્ફ કો ઓપરેશન કાઉન્સિલ (GCC) દેશોને તાત્કાલિક તેમના મતભેદો ઉકેલવા અને નાટોની જેમ અસરકારક લશ્કરી અને સુરક્ષા જોડાણ બનાવવાનું સૂચન કર્યું છે. તેમનું કહેવું છે કે આ જોડાણમાં સાઉદી અરેબિયાએ કેન્દ્રિય ભૂમિકા ભજવવી જોઈએ અને પાકિસ્તાન અને તુર્કી સાથે ઊંડો સહયોગ હોવો જોઈએ.

આ ચર્ચા એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકાએ ઈરાન પર હુમલો કરવા માટે મધ્ય પૂર્વમાં વધારાના ઓછામાં ઓછા પાંચ હજાર અમેરિકન સૈનિકો અને યુદ્ધ જહાજો મોકલવાની જાહેરાત કરી છે.એ યાદ રાખવું જોઈએ કે અગાઉ મુસ્લિમ ગઠબંધન બનાવવાનો વિચાર સપ્ટેમ્બર ૨૦૨૪ માં તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે સૂચન કર્યું હતું કે મુસ્લિમ દેશોએ ઇઝરાયલના કથિત વિસ્તરણવાદી ખતરાનો સામનો કરવા માટે એક થવું જોઈએ. સપ્ટેમ્બર ૨૦૨૫ માં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને પણ ઇસ્લામિક નાટોની રચનાની માંગણી કરી હતી. ૨૦૧૭ માંસાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ૩૪ ઇસ્લામિક દેશોના લશ્કરી ગઠબંધનની કમાન પાકિસ્તાનના ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ રાહીલ શરીફને સોંપવામાં આવી હતી ત્યારે ઈરાને આ ગઠબંધનનું નેતૃત્વ જનરલ રાહીલ શરીફને સોંપવા પર ઊંડી ચિંતા અને વાંધો વ્યક્ત કર્યો હતો. તે સમયે પણ ગલ્ફના દેશો વચ્ચે ઐતિહાસિક હરીફાઈ અને વિરોધાભાસી પ્રાદેશિક હિતોને કારણે આ જોડાણ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો.

આ મતભેદો હજુ પણ અસ્તિત્વમાં છે અને કોઈ પણ નવાં જોડાણ માટે નોંધપાત્ર અવરોધ ઊભો કરે છે.યમનના મુદ્દા પર સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) વચ્ચેના મતભેદો અને કતાર અને UAE વચ્ચે ભૂતકાળમાં થયેલો તણાવ આનાં મુખ્ય ઉદાહરણો છે. યમન યુદ્ધે સાઉદી અરેબિયા અને યુએઈના ભૌગોલિક અને રાજકીય હિતો અલગ અલગ રીતે ખુલ્લાં પાડ્યાં છે. તેવી જ રીતે, ઓપેકમાં તેલ ઉત્પાદનના નિર્ણયો પરના તેમના વલણ અને આફ્રિકા અને લાલ સમુદ્રમાં પોતાનો પ્રભાવ વધારવાના તેમના પ્રયાસો પણ અલગ અલગ થયા છે. વધુમાં, દરિયાઈ સીમા-વિવાદો અને ચાસત પ્રદેશને દરિયાઈ સંરક્ષિત ક્ષેત્ર તરીકે જાહેર કરવા જેવા મુદ્દાઓ પર બંને દેશો વચ્ચે તણાવ જોવા મળ્યો છે. કેટલાક વિશ્લેષકો આ મુદ્દાઓને આ બે ખાડી શક્તિઓ વચ્ચેની મૌન સ્પર્ધા તરીકે વર્ણવે છે. આવી ખેંચતાણને જોતાં પ્રશ્ન એ થાય છે કે ગલ્ફ નાટો બનાવવાનો વિચાર કેટલી હદ સુધી વાસ્તવિકતા બની શકે છે અને તેમાં કયા અવરોધો ઊભા થઈ શકે છે?જો ગલ્ફના દેશો તુર્કી અને પાકિસ્તાન સાથે લશ્કરી અને સંરક્ષણ સહયોગ વધારવા માંગતા હોય, તો પાકિસ્તાન ખરેખર આ ભૂમિકા કેટલી હદ સુધી ભજવી શકે તેમ છે?

કતારના ભૂતપૂર્વ વડા પ્રધાન હમાદ બિન જાસિમે રાજકીય અને લશ્કરી જોડાણ માટે દબાણ કરતાં X પર લખ્યું કે આપણા ક્ષેત્રમાં વર્તમાન યુદ્ધ કોઈ દિવસ સમાપ્ત થશે, પરંતુ તેમાંથી પાઠ અને બોધપાઠ શીખવા મહત્ત્વપૂર્ણ છે.ગલ્ફ કો ઓપરેશન કાઉન્સિલે ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન (NATO) ની જેમ એકતા અને એકતાને અસરકારક અને વાસ્તવિક લશ્કરી અને સુરક્ષા જોડાણમાં રૂપાંતરિત કરવી જોઈએ. તેમણે પ્રસ્તાવ મૂક્યો કે સાઉદી અરેબિયાએ આમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવી જોઈએ, કારણ કે તે સૌથી મોટો દેશ છે. યુદ્ધ સમાપ્ત થવાની રાહ જોયા વિના તૈયારીઓ શરૂ કરવી જોઈએ અને જનતાને સુરક્ષિત રાખવા માટે મતભેદોનું નિરાકરણ લાવવું જોઈએ. ઈરાનનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે પ્રતિબંધો છતાં તેણે મિસાઈલ ઉદ્યોગ સ્થાપ્યો અને કમનસીબે તે જ મિસાઈલોનો ઉપયોગ ગલ્ફ દેશોને નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો. જો કે, તેમણે એમ પણ કહ્યું કે આ યુદ્ધની જવાબદારી ઇઝરાયલની છે, જેણે આ પ્રદેશમાં લશ્કરી, આર્થિક અને રાજકીય પ્રભુત્વ મેળવવા માટે આગ સળગાવી છે.હમાદ બિન જાસિમે સૂચન કર્યું કે ગલ્ફ દેશો ઇઝરાયલ અને ઈરાન બંને સામે એક થાય. ઈરાન એક પાડોશી છે, તેથી તેની સાથે વાટાઘાટો માટે સ્પષ્ટ વ્યૂહરચના જરૂરી છે, જ્યારે ઇઝરાયલ સાથેના સંબંધો સારા પડોશી ભાવ અને પેલેસ્ટિનિયન અધિકારોના રક્ષણ પર આધારિત હોવા જોઈએ. અંતે તેમણે લખ્યું કે ગલ્ફ કાઉન્સિલના દેશો પર હુમલા છતાં ઘણા આરબ દેશોનું મૌન આશ્ચર્યજનક છે.

જો ગલ્ફના દેશો તુર્કી અને પાકિસ્તાન સાથે લશ્કરી અને સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા માંગતા હોય તો પાકિસ્તાન શું ભૂમિકા ભજવી શકે છે? પાકિસ્તાન રાજકીય અને ક્ષમતા બંને દૃષ્ટિએ કેટલીક મર્યાદાઓનો સામનો કરે છે. પાકિસ્તાન આધુનિક લશ્કરી ટેક્નોલોજી અને શસ્ત્રો માટે ચીન પર ખૂબ નિર્ભર છે. તેથી, જો પાકિસ્તાન ખાડી દેશોને કંઈ પણ પૂરું પાડે છે, તો તેનો અર્થ એ પણ થશે કે ચીની ટેક્નોલોજી અને શસ્ત્રો પરોક્ષ રીતે ખાડી બજારો સુધી પહોંચશે. વધુમાં, ખાડીમાં પાકિસ્તાનના સંરક્ષણ સંબંધો હાલમાં મુખ્યત્વે સાઉદી અરેબિયા સાથે છે. આનો અર્થ એ છે કે શસ્ત્રો વેચવાનું બજાર મોટે ભાગે સાઉદી અરેબિયામાં જોવા મળશે. બીજી બાજુ, તુર્કી તુલનાત્મક રીતે વધુ અદ્યતન ઔદ્યોગિક આધાર ધરાવે છે અને તે ગલ્ફના દેશો સાથે ઉત્પાદન પ્રોજેક્ટમાં જોડાઈ શકે છે. પાકિસ્તાન પરંપરાગત રીતે ગલ્ફની રાજાશાહીઓને માનવશક્તિ પૂરી પાડતું હતું, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. સાઉદી અરેબિયાએ તેની સેનામાં ભારે રોકાણ કર્યું છે અને તે તેના જીડીપીના સાત ટકા સંરક્ષણ પર ખર્ચ કરે છે. આ ખર્ચ પાકિસ્તાનના લશ્કરી બજેટનો અડધો ભાગ છે. તેને હવે પાકિસ્તાની સૈનિકો પર વધુ આધાર રાખવાની જરૂર નથી. ઇસ્લામિક નાટોમાં પાકિસ્તાનના સમાવેશ સામે ઈરાન પણ વિરોધ કરે તેવું બની શકે છે. કેટલાંક લોકો હમાદ બિન જાસીમ દ્વારા ગલ્ફ પ્રદેશમાં અમેરિકાના મિલિટરી બેઝ પર વાત ન કરવા બદલ ગુસ્સે ભરાયેલા દેખાયા અને તેમણે કહ્યું કે બધી સમસ્યાઓ અહીંથી શરૂ થાય છે. આરબોએ અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરવું જોઈએ. GCCના નેતૃત્વ હેઠળ લશ્કરી અને સંરક્ષણ ઔદ્યોગિક આધાર બનાવવાનું લક્ષ્ય કેટલું વાસ્તવિક છે અને અમેરિકા તેની કેવી પ્રતિક્રિયા આપી શકે છે? જ્યારે રાષ્ટ્રીય સુરક્ષા અને શસ્ત્રોના ઉત્પાદનની વાત આવે છે, ત્યારે શું આપણે વિદેશી કામદારો પર આધાર રાખી શકીએ? અમેરિકા પર નિર્ભરતા હાલ અને ભવિષ્યમાં ચાલુ રહેશે, કારણ કે તેનો કોઈ વિકલ્પ નથી અને ગલ્ફની સેનાઓ અમેરિકાનાં શસ્ત્રો પર નિર્ભર રહેશે.માળખાગત સુવિધાઓ બનાવવામાં ઓછામાં ઓછાં દસ વર્ષ લાગશે અને કદાચ બીજાં ૨૦-૩૦ વર્ષ લાગશે. એવું કહી શકાય કે આ ફક્ત એક સ્વપ્ન છે અને અમેરિકા તેના પર વધુ ધ્યાન આપશે નહીં. પ્રોફેસર મેહરાન કામરાફાને પણ ખાતરી નથી કે આવો ઔદ્યોગિક આધાર બનાવવામાં આવશે, કારણ કે તેમના મતે લશ્કરી ક્ષમતાઓથી લઈને કમાન્ડ અને કંટ્રોલ સુધીના મુદ્દાઓમાં ગલ્ફના દેશો વચ્ચે મજબૂત સ્પર્ધા છે. મેહરાન કામરાફા માને છે કે ગલ્ફના દેશો સૈદ્ધાંતિક અથવા મૌખિક રીતે એક થઈ શકે છે, પરંતુ લશ્કરી થાણાં માટે લાંબા ગાળાનું આયોજન, રોકાણ, લોજિસ્ટિક્સ અને વ્યાવહારિક પરિસ્થિતિઓની જરૂર પડે છે, જે હાલમાં શક્ય લાગતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ ચર્ચા એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકાએ ઈરાન પર હુમલો કરવા માટે મધ્ય પૂર્વમાં ઓછામાં ઓછા પાંચ હજાર અમેરિકન સૈનિકો અને યુદ્ધ જહાજો મોકલવાની જાહેરાત કરી છે

ટુ ધ પોઈન્ટ
સમકિત શાહ

પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવા બાબત

ટ્રેન નં.	ક્યાંથી	ક્યાં સુધી	દોડવાના દિવસો	ક્યાં સુધી લંબાવવામાં આવી
09207	બાંદ્રા ટર્મિનસ	ભાવનગર ટર્મિનસ	શુક્રવાર	31.07.2026
09208	ભાવનગર ટર્મિનસ	બાંદ્રા ટર્મિનસ	ગુરુવાર	30.07.2026
09415	બાંદ્રા ટર્મિનસ	ગાંધીધામ	ગુરુવાર	30.07.2026
09416	ગાંધીધામ	બાંદ્રા ટર્મિનસ	ગુરુવાર	30.07.2026
09055	બાંદ્રા ટર્મિનસ	ઉધના	સોમ, મંગળ, બુધ, ગુરુ અને રવિ	29.07.2026
09056	ઉધના	બાંદ્રા ટર્મિનસ	સોમ, મંગળ, બુધ, શનિ અને રવિ	29.07.2026
09035	બાંદ્રા ટર્મિનસ	ઉધના	શુક્ર, શનિ	31.07.2026
09036	ઉધના	બાંદ્રા ટર્મિનસ	ગુરુ, શુક્ર	30.07.2026
09037	બાંદ્રા ટર્મિનસ	ભૂજ	ગુરુ, શનિ	30.07.2026
09038	ભૂજ	બાંદ્રા ટર્મિનસ	શુક્ર, રવિ	31.07.2026
09009	બાંદ્રા ટર્મિનસ	ભૂજ	રવિવાર	26.07.2026
09010	ભૂજ	બાંદ્રા ટર્મિનસ	સોમવાર	27.07.2026
09011	બાંદ્રા ટર્મિનસ	ભૂજ	મંગળવાર	28.07.2026
09012	ભૂજ	બાંદ્રા ટર્મિનસ	બુધવાર	29.07.2026
09017	બાંદ્રા ટર્મિનસ	વેરાવલ	રવિવાર	26.07.2026
09018	વેરાવલ	બાંદ્રા ટર્મિનસ	સોમવાર	27.07.2026

સમય, સ્ટોપેજ અને કોચની વિગતો માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ઉપરોક્ત તમામ ટ્રેનોના લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ 20.03.2026 થી PRS કાઉન્ટર્સ અને IRCTC ની વેબસાઇટ પર શરૂ થશે. આ ટ્રેનો સ્પેશિયલ ભાડા સાથે 'સ્પેશિયલ ટ્રેન' તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ રિઝર્વ ટિકિટો માટે અસલ ઓળખ પત્ર સાથે રાખો.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
વિશાલ નગર શાખા : સંધવી ટાવર, અડાજણ રોડ, સુરત–૩૯૫૦૦૯, ફોન : ૦૨૬૧– ૨૭૮૭૦૯, ૨૭૮૭૮૦૮
Email : dbvsur@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / જામીનદાર **શ્રીમતી દિવ્યાબેન નીતેશભાઈ ચૌધરી (માલિક), અને શ્રી અભ્યેશ બાબુભાઈ સુતરીયા (જામીનદાર અને ગીરવેદાર) મેસર્સ દિવ્યાબેન નીતેશભાઈ ચૌધરી (એક માલિકીની પેઢી)**, ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૭૦,૪૮,૨૬૦.૮૦/– (અંકે રૂા. સીત્તેર લાખ અડતાલીસ હજાર બસો સાઈઠ અને એંસી પૈસા પુરા)** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ